# 'નિયાંપો'

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

**હૈદરાબાદનું મુખપત્ર**

વર્ષ : ૧૭ અંક : ૨૦૨

પ્રમુખ

**ધનજી લખમશી સાવલા**

(નિ) ૨૪૭૫ ૩૮૯૪, ૯૩૯૧૦ ૫૨૮૦૩

માનદ્ મંત્રી

**અમૃતલાલ ભાણજી નિસર**

(નિ) ૨૪૭૫૫૫૭૪,૯૩૪૭૫ ૫૫૫૭૪

સંપાદિકા

**શ્રીમતિ દર્શના દિનેશ દેઢિયા**

૬૬૪૬ ૩૬૯૫, મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

સહ-સંપાદકો

**દિનેશ કલ્યાણજી ગોસર**

૯૩૯૧૧ ૯૯૦૧૧, ૯૨૪૬૧ ૯૯૦૧૧

**રમેશ મણીલાલ શાહ**

૨૪૭૫ ૧૮૭૫, ૯૪૪૦૯ ૯૬૬૫૨

*કાર્યાલય*

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

શ્રી કચ્છી ભવન

૩-૫-૧૪૨, ઇડનબાગ, રામકોટ,

હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.

ફોન : ૨૪૭૫ ૨૩૮૩, ૬૫૯૪ ૨૩૮૩

email : hydkmm@gmail.com

*મુદ્રક*

**ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**

૩૭, રૉયલ પ્લાઝા,

સુલતાન બજાર, હૈદરાબાદ ૯૫

ફોન ૬૬ ૭૮૦ ૭૮૦

કિંમત - રૂ. ૧/-


''નિયાંપો'' માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.



## પ્રમુખશ્રીનો સંદેશ

ધનજી લખમશી સાવલા

ઉનાળાની ગરમીઓમાં અને સ્કૂલો / કોલેજમાં રજા પડવાથી ઘણા કુટુંબો પોતપોતાની રીતે પ્રોગ્રામ ગોઠવી બહારગામ ગયા છે. જૂન મહિના સુધી વરસાદથી ઠંડક મળતા. પાછા ફરી હૈદ્રાબાદ મુકામે આવી જશે.

આપણી માતૃસંસ્થાની સમિતિઓ પોત પોતાની રીતે કુશળતા પૂર્વક કાર્ય કરી રહી છે. સમાજના યુવા વર્ગ તરફ જઈએ તો નવા વિદ્યાર્થીઓ /વિદ્યાર્થીનીઓ પોતાની રીતે MBA/CA/Engineering/ Fashion Designing વિ. મા પારંગત થઈ આગળ વધી રહ્યા છે. તે ગર્વની વાત છે.

નિયાપોમાં જણાવવા મુજબ આપણી વાર્ષિક સભા જુન મહિનામાં છે. ત્યા વસ્તીપત્રક સમિતિ તરફથી વસ્તીપત્રકનું વિમોચન કરવાનું નક્કી થયેલ છે. તો જરૂરથી બધા ભાગ લઈ ઉત્સાહ વધારશો.

આપના તરફથી સમાજોપયોગી સુઝાવો હોય તો જરૂર થી ધ્યાન દોરશો તો ઘટતું કરવામાં આવશે.

## ❖ આ માસની ડાયરી ❖

| | | |
|---|---|---|
| ૨૭-૫-૨૦૧૨ | શાંતિવન સમિતિ | ગુજરાતી નાટક ની રજૂઆત ડી.વી.ડી. દ્વારા (કચ્છી ભવન) સાંજના ૫.૦૦ વાગે |

**જીવન માં રક્ત દાન,**
**મૃત્ય પછી નેત્ર દાન**

**ઝાડ વાવો,**
**હરિયાલી લાવો**

હવે આપ વેબ સાઈટ ઉપર ''નિયાંપો'' વાંચી શકો છો
**http://www.asanjokutch.com/kutchhi-pub.asp**



## મંત્રીશ્રીનો અહેવાલ

અમૃતલાલ ભાણજી નિશર

એપ્રિલ માસ પૂરો થયો. વિદ્યાર્થીઓ હવે અભ્યાસનાં બોજામાંથી મુક્ત થયા હશે. વેકેશન દરમ્યાન સમયનાં સદુપયોગ માટે વિવિધ યોજનાઓની ગોઠવણીમાં વ્યસ્ત હશે.રમત-ગમત અને હર્ષોલ્લાસ સાથે જ્ઞાન વર્ધક પ્રવૃત્તિઓ ઈચ્છનીય છે.

મે માસમાં લગ્નગાળો ન હોતાં ભવનની બુકીંગ ઓછી છે. તેથી ભવનમાં રીપેરીંગનાં કાર્યો કરાવવા માટેનાં પ્રયત્નો થઈ રહ્યા છે.

તા. ૧૭ મી જુન ૨૦૧૨ નાં વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવશે. હિસાબો ઓડીટ થઈ ગયા છે. ખજાનચી શ્રી કીર્તિભાઈને અભિનંદન.

શાંતિવન સમિતિ દ્વારા ૫૦ વર્ષ ઉપરની વયનાં સભ્યો માટે એક મેળાવડાનું આયોજન ૨૯ એપ્રિલ ૨૦૧૨ નાં થયું. ૪૦/૫૦ સભ્યોની હાજરી હતી.નવા કાર્યક્રમો માટે વિચારોની આપ-લે થઈ. વિસ્તૃત જાણકારી સમિતિનાં સંચાલક શ્રી હંસકુમારભાઈ આપશે.

સહર્ષ જણાવવાનું કે મંડળનાં એક માજી સભ્ય શ્રી કલ્યાણજી કેશવજી ગેલા (કચ્છ-ગામ દેશલપુર), જેઓ લગભગ ૧૫/૨૦ વર્ષોથી મુંબઈ તથા કચ્છમાં સ્થાઈ થયા છે, તેઓએ તેમનાં લગ્ન જીવનનાં ૫૦ વર્ષ પૂરા થતાં રૂ. ૫૧૦૦/- નું દાન મંડળને આપ્યું છે. મંડળ પ્રત્યેની ઉચ્ચ અને ઊંડી લાગણી બદલ મંડળ તેમનો હાર્દિક આભાર માને છે, અને તેમના સુખમય જીવનની કામના કરે છે.

અન્ય શુભ પ્રસંગોએ નીચે મુજબનાં દાનો મંડળને પ્રાપ્ત થયા છે. સર્વ દાતાઓનો ખૂબ ખૂબ આભાર.
રૂ. ૫૧,૦૦૦/- માતુશ્રી કંચનબેન ધરમશી દામોદાર વોરા, દેસલપર - અતિથીગ્રહના રૂમના ફર્નીચર માટે.

આપણાં મંડળના માનનીય પ્રમુખ શ્રી ધનજી લખમશી સાવલા તથા તેમના પરિવારજનો તરફથી રતનવીર આઈ ઈન્સ્ટીટ્યૂટ ભોજાય કચ્છ માટે રૂ. એકાવન લાખ (૫૧,૦૦,૦૦૦/-)નું માતબર દાન જાહેર કરેલ છે. માતૃભૂમિ પ્રત્યે તેમનો પ્રેમ અને ઉચ્ચ ભાવના બદલ તેમનો તથા તેમના સમસ્ત પરિવારજનોને હાર્દિક અભિનંદન.

## વસ્તીપત્રક સમિતિ

સંચાલક : **અરવિંદ છેડા ૯૩૯૧૦ ૦૭૨૭૭**

### સંપૂર્ણ માહિતી થી સભર શ્રી કચ્છી મિત્ર મંડળનું વસ્તીપત્રક ૨૦૧૨

વસ્તીપત્રક ૨૦૧૨નું કાર્ય પૂર્ણ થયેલ છે. વસ્તીપત્રક નું વિમોચન તથા તેના દાતા માતુશ્રી મણિબેન રતનશી પ્રેમજી ગોગરી પરિવાર (નાંગલપુર) નું સન્માન કાર્યક્રમ રવિવાર તા. ૧૭-૬-૨૦૧૨ નાં સાંજે ૭ વાગે કચ્છી ભવન, ઇડનબાગ રામકોટ, હૈદરાબાદમાં રાખવામાં આવેલ છે.

સર્વે સભ્ય પરિવારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ અદ્‌ભુત વસ્તીપત્રકનાં વિમોચન સમારંભમાં જરૂર હાજર રહેશો. કાર્યક્રમ બાદ પ્રિતિ ભોજન ની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.



# સંપાદકીય

સંપાદિકા : **શ્રીમતિ દર્શના દિનેશ દેઢિયા**
સહ સંપાદકો : **દિનેશ કલ્યાણજી ગોસર, રમેશ મણીલાલ શાહ**

બાળકો કે મોટાઓ, બધાના જીવનમાં પરીક્ષા મોટો ભાગ ભજવે છે. બાળકો શીખીને પછી પરીક્ષા આપે છે. જ્યારે મોટાઓની પરીક્ષા પહેલા લેવાય છે અને પછીથી તેઓ શીખે છે. આ બધામાં આત્મવિશ્વાસ મોટો ભાગ ભજવે છે. આત્મવિશ્વાસ એટલે **Self Confidence** અને આ શબ્દ નિરાશાવાદીઓની **Dictionary** માં હોતો જ નથી.

આત્મવિશ્વાસ એ એક પ્રકારની લાગણી છે. જેનાથી વ્યક્તિને મનની શક્તિ મળે છે. અથવાતો એમ પણ કહી શકાય કે શક્તિ એ એક પ્રકારનું હથીયાર છે. જેનાથી વ્યક્તિ ગમે તેવા કપરા સમય કે કાર્યમાં પણ સફળ થઈ શકે છે, અને એમ પણ કહી શકાય કે આત્મવિશ્વાસ એક સિક્કાની બીજી બાજુ છે, જેની પહેલી બાજુ સફળતા છે.

જ્યાં વિશ્વાસ છે ત્યાં કોઈ પણ પ્રકારનો સંશય કે શંકા ન હોઈ શકે, ત્યાં મનની શાંતિ હોય છે.ૈ જ્યાં આત્મવિશ્વાસ છે ત્યાં આત્મસંતોષ પણ છે.જે કર્યું છે તે માટેનો વિશ્વાસ છે. અને પોતાની સફળતા માટે પણ એક પ્રકાર નો આનંદ છે. જે વ્યક્તિ પાસે દિશા અને આત્મવિશ્વાસ હોયતો પ્રગતિ એના હાથમાં છે. ગમે તેવા ઉચાઈ ના શિખરો કે દુનિયાની ગમે તેવી પરીક્ષા તે સહેલાઈથી પાસ કરી શકે છે.

વિશ્વાસ એ શ્વાસ છે જેની પાસે આત્મવિશ્વાસ જ નથી તે વ્યક્તિ જીવતી લાશ છે. જો ગૌરવથી જીવવું હોય તો આત્મવિશ્વાસ બહુજ જરૂરી છે, તોજ દરેક કાર્ય સિદ્ધ થઈ શકે.

# માવજત સમિતિ

**સંચાલક : કીર્તિ ટોકરશી કાપડિયા ૯૩૯૧૦ ૧૨૯૬૯**

જોત જોતા માં વર્ષ પુરો થઈ ગયો. આપણા ત્રણે દવાખાનાં રાબેતા મુજબ ચાલે છે. Homeopathic Clinic માં Dr. Ratan Babu Service છોડીને ગયા એમની જગ્યાએ Dr. K. Sandhya Rani ની નિયુક્તિ કરવામાં આવેલ છે. હવે ત્રણે દવાખાનાં માં મહિલા ડૉક્ટરો છે.

Mediclaim Insurance : જેમ જેમ Time જાય છે. Insurance Co. Claim આપવામાં કાયદા સખત કરતા જાય છે. બધાને વિનંતી છે કે Hospital માં દાખલ થવા પહેલા આપણા Agent શ્રી મધુ મોદાની (૯૮૪૯૧ ૬૦૮૦૭) સંપર્ક કરીને માહિતી મેળવી લે. સંયુક્ત સભાના નિર્ણય મુજબ આ વરસથી જેની માસિક આવક રૂ. ૧૦,૦૦૦/- સુધી હોય અને Insurance લેવું હોયતો આવકની Certificate બતાવીને કુટુમ્બમાં ૧ જણ ની Policy રૂ. ૧,૦૦,૦૦૦.૦૦ ની લેવામાં આવશે. તો જે સભ્યને આનો લાભ લેવો હોય તો મંડળની Office માં સવારના ૯ થી ૧૧ ની વચ્ચે અરજી સાથે સંચાલક ને મળી શકે.

## સાભાર સ્વીકાર

| | | |
|---|---|---|
| રૂ. | ૫૧,૦૦૦/- | માતુશ્રી કંચનબેન ધરમશી દામોદર વોરા પરિવાર, દેશલપર તરફથી અતિથિગૃહ રૂમ ફર્નીચર માટે |
| રૂ. | ૫,૧૦૦/- | શ્રી કલ્યાણજી કેશવજી ગાલા, જનરલ ડોનેશન (50th Wedding Anniversery) |

શુભ ।। અનંત ચૌવિશી જીન નમો ।। લાભ



# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)
૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયા ની ઉપર,
કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. આં.પ્ર. ફોન : ૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫
સંચાલક : **હંસકુમાર રાયચંદ સાયલા** ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫
પ્રચાર સંયોજક : **રિદ્ધીશ રમેશ જાગીરદાર** ફોન. ૯૮૪૯૯૮૮૯૯૯

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તિ દીઠ રૂ. ૫૦/- માત્ર.

રવિવાર ૩ જુન ૨૦૧૨ ના રાબેતા મુજબ શ્રી કુલપાકજી તીર્થ યાત્રાનું આયોજન થશે. સાથે સાથે બીજા રવિવારે ૧૦ જુન ૨૦૧૨ ના શ્રી નવગ્રહ મંદિર નો કાર્યક્રમ આયોજિત કરવામાં આવેલ છે. સવારનાં ઠીક ૭.૦૦ વાગે એક બસ કાચીગુડા થી તથા એક બસ ચૈતન્યપુરી મંદિર થી પ્રસ્થાન કરશે. નકરો વ્યક્તિ દિઠ રૂ. ૫૦/- છે. નવગ્રહ મંદિરે ભવ્ય ઉવસ્સગહરમનો જાપ રાખવામાં આવેલ છે. આ જાપ ચૈતન્ય મહિલા મંડળ ભણાવશે. આવી સુંદર તક નો લાભ લેવાનુ ચુકશો નહિ. એક બસના લાભાર્થી માતુશ્રી હંસાબેન ચીનુભાઈ શાહ પરિવાર છે.

VISION 12-12-12 ના અનુસંધાનમાં બુધવાર તા. ૧૨ ડિસેમ્બર ૨૦૧૨ ના શ્રી સમ્મેતશિખરજી પહાડ યાત્રા કરવાનુ શ્રી સંઘનો લક્ષ્ય છે. આ સાથે સાથે આજુ બાજુના તીર્થ સ્થાનોના દર્શન સેવા પૂજન નો લાભ પણ આપવામાં આવશે. અંદાજિત તા. ૮ ડિસેમ્બર ૨૦૧૨ ના હૈદ્રાબાદ થી પ્રસ્થાન થશે અને પાછા હૈદ્રાબાદ પહોંચવાનું રહેશે. બહારગામના ભાવિકોને હૈદ્રાબાદ આવવુ પડશે. યાત્રાના બુકીંગના ટોકન રૂપે ભાવિકો પોતાની રક્કમ જમા કરાવી નામો બુક કરાવી રહ્યા છે. તમો પણ છેલ્લી ઘડી સુધીની રાહ ન જોતા, વહેલો તે પહેલો ના ધોરણે નામ નોંધાવશો.

યાત્રા કરવાથી પૂણ્યાર્જન તો થાય જ છે. પરંતુ જે ભાવિક કરી નથી શક્તો એમને યાત્રા કરાવવી એ અનેક ગણુ પુણ્યાર્જનનું કાર્ય છે માટે સ્વેચ્છાએ દાતા આગળ આવે એ ઈચ્છનીય છે. આપશ્રીના કોઈ પણ શંકાના સમાધાન માટે સંચાલકનો સંપર્ક સાધવા વિનંતિ.

શ્રી સંઘને નિચે મુજબ અનુદાન પ્રાપ્ત થયેલ છે.

| | | | |
|---|---|---|---|
| ૧) | ચી. ચુક્તા મનોજ તારાચંદ હેણિયા (ગરીબ ભોજન માટે) | રૂ. | ૮૦૧/- |
| ૨) | શ્રી હરખચંદભાઈ ધારશી સાવલા (ગરીબ ભોજન માટે) | રૂ. | ૮૦૧/- |

શ્રી સંઘના યાત્રિક ભાતા, ગરીબ ભોજન, આજીવન સભ્યપદ, સંકલ્પ અનુદાન પત્ર, વગેરે વિવિધ યોજનાનુ લાભ લઈ પુણ્યાર્જન કરવા વિનંતી.

*કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :*

**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાર ગાલા,**

**ગામ મોટા લાયજા-કચ્છ, હાલ મુંબઈ**

**હસ્તે શ્રીમતિ મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર** (જા.ખ.)

## માનવ મિત્ર સમિતિ

સંચાલક :
હરિલાલ ભીમશી સાવલા

**આશ્રમ માટે દાન**

રૂ. ૧૦૦૦.૦૦ પારસ ભૂપેન્દ્ર વીરા
રૂ. ૧૦૦૦.૦૦ શ્રી લક્ષ્મીચંદ આણંદજી ગાલા હઃ મંજુલાબેન લક્ષ્મીચંદ ગાલા
રૂ. ૧૧૦૦.૦૦ સ્વ. ચંપાબેન નવિનચંદ્ર ભેદા
રૂ. ૫૦૦.૦૦ વિરાગ અતુલ નાગડા

**હોસ્પીટલ માટે દાન**

રૂ. ૫૦૦.૦૦ વિરાગ અતુલ નાગડા

**ગૌશાળા માટે દાન**

રૂ. ૧૧૦૦.૦૦ વોરા નૂખની પહેડી નિમિત્તે
રૂ. ૧૭૨૬.૦૦ સચ્ચઈ માતાને નમતા લોડાયા પરિવારની પહેડી નિમિત્તે
રૂ. ૫૦૦.૦૦ મૈત્રી સુધિર ગાલા
રૂ. ૫૦૦.૦૦ વિરાગ અતુલ નાગડા

**જીવદયા માટે**

ઉપરોક્ત ખાતામાં દાન લખાવવા વિનંતિ. રકમ મૂંગા જાનવરોની સેવા અંગે વાપરવામાં આવશે.

રૂ. ૫૦૦.૦૦ વિરાગ અતુલ નાગડા

**ડાયાલીસીસ માટે (એક ડાયાલીસીસના રૂ. ૫૦૦/- લેખે)**

૩ ડાયાલીસીસ શ્રી અમિત એન. ગોગરી
૪ ડાયાલીસીસ સ્વ. ચંપાબેન નવિનચંદ્ર ભેદા
૧ ડાયાલીસીસ વિરાગ અતુલ નાગડા
૧ ડાયાલીસીસ શ્રીમતી હિના હિતેન સંઘોઈ
૧ ડાયાલીસીસ કિર્તી મહેન્દ્ર ગોસર - બરોડા

**ભૂલ સુધાર :**

ગત નિયાપોમાં મૂઠીભર અનાજ યોજનાને ૧૭ વર્ષ પુરા થયા તે સુધારીને સાત વર્ષ પુરા થયા છે એમ વાંચવું.

**મૂઠીભર અનાજ યોજના**

ગત માસમાં કુલ્લ ચોખા ૨૭૫ કીલો તથા ૬૦ કીલો દાળ પ્રાપ્ત થયા છે તે ઉપરાંત ૨૫ કીલો ચોખા શ્રીમતી વિજયાબેન કિર્તીકુમાર કાપડિયા તરફથી તેમજ ૫૦ કીલો ચોખા તથા ૧૦ કીલો દાળ ડૉ. દિલીપ ભાનુશાલી તરફથી પ્રાપ્ત થયા છે. તે બદલ તેમનો આભાર. ઉપરોક્ત અનાજ વિવિધ આશ્રમોમાં વિતરણ કરવામાં આવેલ છે.

**છાસ કેન્દ્ર માટે દાન**

રૂ.૫૦,૦૦૦.૦૦ શ્રીમતી કસ્તુરબેન રતિલાલ દેઢિયા, મુંબઈ
રૂ. ૫,૦૦૦.૦૦ શ્રી કચ્છી ગુર્જર જૈન પરિવાર હૈદ્રાબાદ - સિકન્દ્રાબાદ

CHANDRA PRABHA GRAPHICS

COMPUTERISED HOROSCOPE,
KUNDLI MATCH MAKING IN HINDI, ENGLISH LANGUAGE.
DESIGNING - PRINTING - COLOUR PRINTS - FLEX BANNERS
ADVERTISEMENTS IN LEADING NEWS PAPERS, MEDIA PUBLICITY
Contact: **RIDESH RAMESH JAGIRDAR @ CHANDRAPRABHA GRAPHICS**
37, ROYAL PLAZA, SULTAN BAZAR, NEAR HVS SCHOOL, HYDERABAD.
**PH: 66780780, 98499 88999 atlas.jagirdar@gmail.com, ridesh.lodaya@gmail.com**

(જા.ખ.)

ડાયાબેટીશના દરદીઓને પગમાં બળતરા કે અલ્સર હોય, તળીયામાં ન્યુરોપેથીની શરૂઆત હોય, કપાસીયા, ઘૂંટણમાં - કમરમાં દર્દ, ચીરા, ફ્લાટ ફુટ ઈત્યાદિ માટે એમ.સી.પી સોફ્ટ ફુટવેઅર મળશે જૈન ચામડા વગરનો બ્લેક, બ્રાઉન તથા સાધુ સંતો માટે સફેદ સ્લીપર, ચપ્પલ, સેન્ડલ, બૂટ મળશે. વ્યાપારી પૂછપરછ આવકાર્ય. વ્યક્તિગત ઓર્ડર કુરીઅરથી મોકલવામાં આવે છે. ફીઝીયોથેરેપી ટ્રિટમેન્ટ અમારા ક્લિનીક મા નિયમીત મળે છે. હાઉસ વિઝીટ ફેસીલીટી અવઇલેબલ છે.

**DR. PRASHANT SHAH**
Prashant College Building, Opp. Kumar Cinema Theatre, Kachiguda, Hyderabad-27.
Ph : 093910 17833, 093999 53035. www.drprashantshah.com

Nitin Gala
99630 10657

**Sri Ridhi Sidhi Snacks & Khakras**

Sunita Gala
94408 75034

Specialist In : Tomato Sticks, Sezwan Sticks, All types of Sev, Ghatiya, Chewda, Bhakharwadi, All Varieties of Sada Khakras, Diet Khakra, Mobile Khakra, Special Masala, Chora Phari, Nachni Etc.

**Alphanso Mango available on order.**

Bulk Order Free Home Delivery

Contact : **NITIN GALA**
# 4-1-10, C/3-24, Pragati Society, Opp. Wesley Church,
Tilak Road, Hyderabad - 1

(જા.ખ.)

## નિયાપો જાહેરાતના દર

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | છેલ્લુ પાનું આર્ટ પેપર મલ્ટી કલર | રૂ. | ૨૨૦૦.૦૦ | |
| ૨. | અંદરનું બીજુ પાનું આર્ટ પેપર મલ્ટી કલર | રૂ. | ૧૮૦૦.૦૦ | |
| ૩. | અંદરનું છેલ્લુ પાનું આર્ટ પેપર મલ્ટી કલર | રૂ. | ૧૮૦૦.૦૦ | |
| ૪. | ફુલપેજ સાદુ પેપર | રૂ. | ૬૦૦.૦૦ | |
| ૫. | અડધુ પાનું સાદુ પેપર | રૂ. | ૩૫૦.૦૦ | |
| ૬. | પા પાનું સાદુ પેપર | રૂ. | ૧૫૦.૦૦ | |
| ૭. | સ્ટ્રીપ સાદુ પેપર | રૂ. | ૧૦૦.૦૦ | |
| ૮. | મલ્ટી કલર આર્ટ પેપર (અંદરમાં) | રૂ. | ૧૮૦૦.૦૦ | (પ્રતિ પાનાના) |

રાહત : એક વર્ષની બાર (૧૨) જાહેરાત આપનાર પાસેથી ફક્ત દશ (૧૦) જાહેરાતની રકમ લેવામાં આવશે. આ રાહત દર ઉપર જણાવેલ ૧ થી ૫ સુધીનાનેજ આપવામાં આવશે.

નોંધ : નવા દર જાન્યુઆરી ૨૦૧૨ થી અમલમાં આવેલ છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| રૂ. | ૫૦૦૦.૦૦ | કુ. રીચા ગાલા કુ. હસ્તી ગાલા | રૂ. | ૫૦૦૦.૦૦ | કુ. હસ્તી મોહન ગાલા |
| રૂ. | ૫૦૦૦.૦૦ | ત્રિશલા મંડળ તરફથી | રૂ. | ૧૦૦૦.૦૦ | શ્રી લક્ષ્મીચંદ આણંદજી ગાલા |
| રૂ. | ૫૦૦૦.૦૦ | શ્રીમતી જયવંતીબેન નેમજી ધરોડ | રૂ. | ૨૫૦૦.૦૦ | કાર્તિક હરીશ ગાલા |
| રૂ. | ૫૦૦૦.૦૦ | સ્વ. ચંપાબેન નવિનચંદ ભેદા | રૂ. | ૧૦૦૦.૦૦ | એક સદગ્રહસ્થ તરફથી |
| રૂ. | ૫૦૦૦.૦૦ | શ્રીમતી મોધીબેન નાગડા | રૂ. | ૫૦૦.૦૦ | વિરાગ અતુલ ગાલા |
| રૂ. | ૫૦૦૦.૦૦ | શ્રીમતી મનીષા મોહન ગાલા | રૂ. | ૫૦૦.૦૦ | શ્રી પ્રફુલ્લ ગાલા, આણંદ ગુજરાત |
| રૂ. | ૫૦૦૦.૦૦ | અક્ષય મોહન ગાલા | રૂ. | ૫૦૦.૦૦ | સ્વ. શાંતાબેન શાંતિલાલ ગાલા |

## જીવન ચક્ર

### પુત્ર જન્મ

| | | |
|---|---|---|
| દિપ્તી જીનેશ લલીત દંડ | સાંધવ | હૈદરાબાદ |

### સગપણ

| | | |
|---|---|---|
| ચિ. દેશના અનિલ મેઘજી નાગડા | વરંડી મોટી | હૈદરાબાદ |
| ચિ. કેદાર રમેશ મિસ્ત્રી | બિલીમોરા | મુંબઇ |
| ચિ. સોહિલ વલ્લભજી વિસનજી સાવલા | બેરાજા | હૈદરાબાદ |
| ચિ. આરૂષી ગોપાલ મોર | - | હૈદરાબાદ |

### અવસાન

| | | | |
|---|---|---|---|
| રાજબાઇ લીલાધર જીવરાજ નાગડા | વરંડી મોટી | હૈદરાબાદ | ઉ.વ. ૯૦ |



## શાંતિવન સમિતિ

**સંચાલક : હંસકુમાર સાયલા**
**સહ સંચાલક : દામજી માવજી સાવલા**

રવિવાર તા. ૨૯ એપ્રિલ ૨૦૧૨ નાં શાંતિવન સમિતિ આયોજીત "મેળાવડો" કાર્યક્રમમાં શ્રી કચ્છી મિત્ર મંડળના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી હરિલાલ સાવલા, માનદ મંત્રી શ્રી અમૃતલાલ નિશર, સહખજાનચી શ્રી દિનેશ ગોસર ની સાથે અનેક સદસ્યોએ ઉત્સુકતાપૂર્ણ હાજરી આપેલ.

સમિતિ આયોજિત કાર્યક્રમના લેખા જોખા સાથે હાજર પ્રત્યેક સભ્યોએ પોતાના વ્યક્તિગત વિચારો રજુ કરેલ. વડિલોના સુખાકારી ના ઉદ્દેશ્યથી શરૂ થયેલ આ સમિતિની આજ સુધીની પ્રવૃત્તિઓ પ્રશંસનીય રહી છે, સાથે સાથે બીજી શું પ્રવૃત્તિઓ ઉમેરી શકાય તે માટે સુંદર સૂચનો આવેલ. આવેલ સૂચનોને ધ્યાનમાં રાખી ભવિષ્યની પ્રવત્તિઓનુ આયોજન થશે એવો સાંચાલક ના આશ્વાસન થી બરાબર બે કલાક ચાલેલ ચર્ચા વિચારણા પૂર્ણ થએલ. પધારેલ સર્વે સભ્યોનો આભાર માની દરેક કાર્યક્રમમાં આવીજ હાજરી જાળવવા અપીલ કરવામાં આવેલ. અલ્પાહારનો આનંદ માણી સૌ છુટા પડ્યા.

**સમિતિના અગામી કાર્યક્રમ :**
**રવિવાર તા. ૨૭-૫-૧૨ ના કચ્છી ભવનમાં સાંજના ઠીક ૫.૦૦ વાગ્યાથી**
**ગુજરાતી નાટક ડી.વી.ડી. દ્વારા પ્રસારિત કરવામાં આવશે**
**સમયસર પધારી કાર્યક્રમનો આનંદ માણવા સર્વેને ભાવ ભર્યુ આમંત્રણ છે.**

# R.S. BANDHANI HOUSE

## કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા.ખ. H-2750)

# MARVEL
## BEAUTY PARLOUR
9247304982

We specializes in Bridal Make-up, Hairstyle & Mehendi, Skin, Anti Dandruff & Hair Treatment.

**We conduct classes for MEHANDI & BEAUTY COURSE**

- Non Surgical Face Lifting
- Under Eye Dark Circle Treatment
- Skin Polishing Treatment
- Anti Dandruff Treatment
  - Radiance Glow
  - Lighting Facial
  - Temporary & Permanent & Hair Straightening



"BEAUTY PACKAGE" for just Rs.350/-
Bleaching, Herbal Facial, Waxing, & Eyebrow
Rs.500/- : Bleaching Fruit Facial, Waxing, Pedicure, Manicure & Eyebrow.

SPECIAL OFFER FOR YOU

SPECIAL OFFER FOR BRIDAL PACKAGE

Contact in Person : **PRAGNA H.SHAH**
# G-4, Lakshmi Narayan Apartments,
Beside Mahalakshmi Dairy, Kutbiguda,
Kachiguda, Hyderabad - 27.

(જા.ખ.)

## સભ્યપદ સમિતિ

સંચાલક : મનીષ મગનલાલ સાવલા
સહ સંચાલકો : હરેશ હેમરાજ દેઢિયા, લહેરચંદ ટોકરશી લોડાયા

સહર્ષ જણાવવાનું કે મંડળની ૨૮-૪-૨૦૧૨નાં મળેલ કારોબારી સમિતિ ની સભા માં નીચે મૂજબ વ્યક્તિઓની આજીવન સભ્યપદ ની અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે.

| | નામ | ગામ | મેમ્બરશીપ નંબર |
|---|---|---|---|
| ૧ | શ્રીમતિ સુનિતા સમીર શાહ | ભુજ | S/1006/4/12 |
| ૨ | શ્રીમતિ કંચન પૂનમ શાહ | ભુજ | K/1011/4/12 |
| ૩ | શ્રી શ્રીપાલ રતનશી દેઢિયા | નાંગલપુર | S/1007/4/12 |
| ૪ | શ્રીમતિ મનિષા હિતેન દેઢિયા | નાંગલપુર | M/1006/4/12 |
| ૫ | શ્રી હિતેન રતનશી દેઢિયા | નાંગલપુર | H/1009/4/12 |
| ૬ | શ્રીમતિ હિરલ શ્રીપાલ દેઢિયા | નાંગલપુર | H/1010/4/12 |
| ૭ | શ્રી મુકેશ કિશોર સંપત | માંડવી | M/1007/4/12 |
| ૮ | શ્રીમતિ પ્રતિમા મુકેશ સંપત | માંડવી | P/1005/4/12 |
| ૯ | કુ. નિખિલ કિશોર દેઢિયા | ભુજપુર | N/1004/4/12 |
| ૧૦ | કુ. કુમાર લાલજી દેઢિયા | ભુજપુર | K/1012/4/12 |

ઉપરોક્ત સર્વે સભ્યોને મંડળવતી હાર્દિક અભિનંદન...


# Boutique

We have all types of cloth materials like Banaras, Jamma Silk, Raw Silk, 3 D-Net, Printed Net, Cotton Net, Lehenga Kalis and Many more Varieties. We also have new laces, and we also make laces of Banaras, Jamma Silk, Raw Silk and many more laces.

And we stitch also. We also give new look to old Sarees mix and match. And we do designer Sarees from upcominmg new catlog books. We also stitch dresses, Blouses, Ghagras Choli's.

We also do all types of trouser packing for more information

Contact us on : ***Madhuri Mahendra Heniya,***

*Ph : 99516 45020, 2756 2332*



## મનોરંજન સમિતિ

સંચાલક : પંકજ હીરજી સાવલા
ફોન : ૯૮૪૯૭ ૪૭૬૨૫

**શ્રી કચ્છી મિત્ર મંડળ - મનોરંજન સમિતિ** પ્રસ્તુતિ

અષાઢી બીજ કચ્છી નવવર્ષ નિમીત્તે કાર્યક્રમ

# દિલ ને ફિર યાદ કીયા (સીઝન - ૨)

*ગીત અને સંગીત ની એક યાદગાર મહેફીલ.*

**તારીખ : ૧૭-૬-૨૦૧૨ રવિવાર,**

**સમય : સાંજના ૫.૦૦ વાગ્યા થી**

**સ્થળ : શ્રી કચ્છી ભવન, ઈડનબાગ, રામકોટ, હૈદરાબાદ**

# મોનીસ વન - મેન શો

પ્રસ્તુત કરશે

## મણીલાલ નાનજી છેડા - મુંબઈ

છેલ્લા ૩૦ વર્ષ થી સૂર અને સંગીત ની દુનિયા માં હિન્દી અને ગુજરાતી ગીતો ઉપર સૌને ઝુમતા કરી દેનાર આપણા કચ્છી કલાકાર.

નવ વર્ષની ઉજવણી માં સૌ કોઈ ને નમ્ર નિવેદન છે વધુમાં વધુ "ટ્રેડીશનલ ડ્રેસ" માં ઉપસ્થિત રહી આ ઉજવણી ને યાદગાર બનાવવા વિનંતી છે.

**અલ્પાહાર ની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.**

## સમયસર પધારવા સહુ ને નમ્ર નિવેદન

# સંસ્થા સમાચાર

❖ **રતનવીર આંખની ઈન્સ્ટીટ્યુટ - ભોજાય :** ભોજાય હોસ્પીટલમાં આંખ વિભાગને ઈન્સ્ટીટ્યુટમાં પરિવર્તિત કરવાનું સેવેલું સ્વપ્ન, સમાજના દિલેર અને ઉદાર દાનવીરોના સહકારથી સાકાર પામેલ છે.

રવિવાર તા. ૧૫ એપ્રિલ ૨૦૧૨નાં રતનવીર આઈ ઈન્સ્ટીટ્યુટનો ઉદ્ઘાટન માનનીય શ્રી અમરચંદભાઈ રામજી ગાલા (નવનીત પરિવાર) ના શુભ હસ્તે કરવામાં આવ્યું. ઉદ્ઘાટન પહેલા તા. ૧૩-૪-૨૦૧૨ના માનસ મંદિરના બાળકોની કલાકૃતિઓનું પ્રદર્શન તથા સંગીત નું કાર્યક્રમ રાખવામાં આવેલ. તા. ૧૪-૪-૨૦૧૨ના શ્રી ગૌતમ સ્વામિનું મહાપૂજન રાખવામાં આવેલ.

આપણા શ્રી કચ્છી મિત્ર મંડળનાં સર્વ સભ્યો માટે ગર્વ તથા આનંદ વાતએ છેકે આપણા માનનીય પ્રમુખશ્રી ધનજી લખમશી સાવલા તરફથી રૂ. ૫૧ લાખનું માતબર દાન એમના માતુશ્રી રતનબેન લખમશી ઘેલાભાઈ સાવલા પરિવાર (નવાવાસ) ના નામે આપેલ છે.

❖ **શ્રી કચ્છી ગુર્જર જૈન પરિવાર MACC સોસાયટી લી. હૈદ્રાબાદ :** સોસાયટીની ૧૦ મી વાર્ષિક સામાન્ય સભા તા. ૨૨-૪-૨૦૧૨ ના રોજ હૈદ્રાબાદ માં મળેલ. શ્રીમતી મમતા સંદીપ વોરા દ્વારા પ્રાર્થનાની રજાુઆત બાદ ગત વર્ષ દરમ્યાન અવસાન પામેલ સભ્યને શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી.

ચેરમેન શ્રી રમેશભાઈ મણીલાલ શાહના સ્વાગત પ્રવચન બાદ, મેનેજીંગ ડાયરેક્ટર શ્રી પ્રદિપ કેશવલાલ સંઘવીએ વાર્ષિક અહેવાલમાં જણાવ્યું હતું કે સંસ્થાની આશરે રૂ. ૨૦ લાખની મુડી ૧૩ લાખની શેર કેપિટલ અને ૧૫ લાખની થાપણ સામે વર્ષ દરમિયાન કુલ ૨૧ લોન આસરે રૂ. ૪૭ લાખની સભ્યોને ફાળવવામાં આવી હતી. ખર્ચ બાદ કરતા આસરે રૂ. ૨,૧૬,૦૦૦.૦૦ ના નફામાંથી સભ્યોને શેર મુડી ઉપર ૧૧ ટકા ડિવિડન્ડ આપવામાં આવ્યું હતું. ડાયરેક્ટર ફાઈનાન્સ શ્રી નલિન મહેન્દ્ર શાહે વાર્ષિક ઓડિટેડ હિસાબની રજાુઆત કરી હતી.

આ વર્ષે નિવૃત થતા (૪) ડાયરેક્ટર્સની ચુંટણીમાં સર્વ શ્રી ૧) શ્રેયસ કિરણ શાહ ૨) સમીર રમેશ વોરા ૩) ભુપેશ ચંદુલાલ સંઘવી તથા ૪) પરાગ બેચરલાલ શેઠ ચુંટાઈ આવ્યા હતા.

વર્ષ ૨૦૧૨-૧૩ માટે નીચે મુજબ હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી : ૧) ચેરમેન - શ્રી પ્રદિપ કેશવલાલ સંઘવી ૨) વાઈસ ચેરમેન - શ્રી નલિન મહેન્દ્ર શાહ ૩) મેનેજીંગ ડાયરેક્ટર - શ્રી સમીર રમેશ વોરા ૪) ડાયરેક્ટર ફાઈનાન્સ - શ્રી શાંતિલાલ મણીલાલ વોરા

❖ **શ્રી જૈન સ્થાનકવાસી આઠ કોટી નાની પક્ષ** : તા. ૨૧-૪-૧૨ ને શનિવારે જૈન સ્થાનકવાસી આઠ કોટી નાની પક્ષ દ્વારા એક આધ્યાત્મિક શિબિરનો કાર્યક્રમ કચ્છી ભવનમાં યોજવામાં આવ્યો. વેકેશનનો સમય હોતાં વિદ્યાર્થીઓ માટે જ્ઞાન સાથે ગમ્મત નો ઉદ્દેશ્ય હતો અને એ માટે આણંદથી શ્રી પ્રફુલ્લભાઈ ગાલા પધારેલ હતા. વિદ્યાર્થીઓ ઉપરાંત અન્ય ભાઈ-બહેનોએ પણ આધ્યાત્મિક પ્રવચન તથા સંત્સંગ ને લાભ લીધો.

૧૨ વર્ષની ઉમરમાંજ પિતાની છત્રછાયા ગુમાવતાં પ્રફુલ્લભાઈએ બાળપણથીજ સ્વાશ્રયી રહી BJVM, B.Com, M.Com ડીપ્લોમાં-ટેક્ષેશન અને લો-પ્રેક્ટીસની ડીગ્રીઓ મેળવી. સંતોષી જીવન જીવવાની દૃઢ માન્યતા સાથે તેઓ આધ્યાત્મીક ક્ષેત્રે વિવિધ સંસ્થાઓમાં પોતાની સેવાઓ આપી રહ્યા છે.

|| જય ગૌભક્ત શ્રી શંભુ મહારાજ ||

જય શ્રી મહારાણા પ્રતાપ

જય શ્રી છત્રપતિ શીવાજી — જય શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ

જય શ્રી નેતાજી સુભાષચન્દ્રજી બોસ — જય શ્રી લાલબહાદુર શાસ્ત્રી

# શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર) ગાંધીધામ

**સન ડેવલોપર્સ સન સીટી - ૩**

**email : dadabhalara@yahoo.in**

અમારૂ પહેલું કર્તવ્ય ''આપના રોકાણ થનાર નાણાની સુરક્ષિતતા સાથે ઉંચા વળતરની ખાત્રી'' - **આપનો સાથે વતનનો વિકાસ**

શ્રી કલાપર્ણ ટાઉન શીપ ૧-૨ સન સીટી ૧-૨ ની સફળ કામીયાબી બાદ રહેણાંક ક્ષેત્રે સન સીટી-૩ - ૨૦૦૦ પરિવારો માટે ગુંદાલા ચોકડી પાસે વાંકી-પત્રી-રતાડીયા ગણેશવાલા મેનરોડ ટચ મુંદ્રા પોર્ટ તથા કંપનીઓમાં વ્યવસ્થીત આવન જાવન કરી શકાય તેવા વિસ્તારમાં માસિક સરળ રૂ. ૧૨૫૦/- નાં ૬૦ હપ્તાથી પ્રતિ ચો.વાર. રૂ. ૯૩૭.૫૦, ૯ ચોરસ ફુટ હીસાબે ૮૦ ચોરસ વારના પ્લોટ ધારક બનો. એક સાથે રકમ ભરનારને તુરંત સાટાકરાર થી પ્લોટ નમ્બરની ફાળવણી સાથે રૂ. ૫૦૦૦/- નો ડીસ્કાઉન્ટ તેમજ દર મહીને ડ્રો પદ્ધતીથી લાખો રૂ. ની કિંમતી બક્ષીસોના હક્કદાર બનો.

બંગલોના કમ્પલીટ ડેવલપ પ્લોટો જે વાંકી તિર્થ સામે પ્રતિ ચો. વાર. રૂ. ૧૫૫૧x૨૦૦ ચો.વાર.

**વધુ માહિતી માટે સંપર્ક કરો :**

**સદાયે બરકત દેતું શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર) ગાંધીધામ**

| | | |
|---|---|---|
| ગાંધીધામ | શ્રી લબ્ધિભાઈ મોમાયા | ૦૯૮૨૫૩ ૫૧૦૦૧ |
| મુંબઈ | શ્રી પ્રફુલ્લભાઈ લોડાયા | ૦૯૨૨૩૩ ૪૬૪૨૩ |
| હૈદરાબાદ | નવલબેન મહેન્દ્રકુમાર ધરમશી | ૦૪૦-૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨ |

હંસકુમાર રાયચંદ સાયલા - ૬૬૩૬ ૨૫૪૫, લહેરચંદ ટોકરશી લોડાયા - ૯૨૪૬૫ ૩૧૦૬૬

**NAVALBEN M. SHAH (DHARAMSHI)**

(જા.ખ.)

# વિવિધા

## ક્ષણ એક એ પરિવર્તનની

જીવનના એક મોડ ઉપર,
હું મારું અસ્તીત્વ શોધતો હતો....
માનવ મેદનીના ધોધમાં
એ ક્યાંક ખોવાયો હતો...
સ્પર્શ થી સોનુ થનાર આ દુનિયામાં,
સ્પર્શની સંવેદના જડતી નહતી....
ખીન્ન હ્દયે,
નીરાશાનો બોઝ ઢોરાયો હતો...
એ પરિસ્થિતીમાં,
જેની સાથે ભેટો થયો હતો...
સંવેદનશીલ સહવાસમાં
મન મારુ પ્રફુલ્લીત થયું હતું....
બસ્સ ! એ થોડી ક્ષણોએ
જીવનને સપનાં જોતો કરી દિધો હતો...
સપનાઓને સાકાર કરવાની હોડમાં
સફળતાનો સાક્ષાત્કાર થતો હતો...
આજે હું જે પણ છું
એમના લીધે છું...
ખુલ્લા દિલે એકરાર કરવા,
મનમારું અચકાતું નથી...
એ પરમ કૃપાળુ પરમેશ્વરનો,
આભાર માનવા વગર રહેવાતુ નથી...

**હંસકુમાર રાયચંદ સાયલા**

---

## હસગુલ્લા

૧) ઈન્સપેક્ટર કેદીને : તું આ આઠમી વાર જેલમાં આવ્યો છો, શરમ નથી આવતી !
કેદી : સાહેબ હું તો ફક્ત આઠ વાર જેલમાં આવેલ છું, તમે તો રોજ આવો છોને ?

૨) અશોક એક પુસ્તક વાંચતા વાંચતા રડવા લાગ્યો.
પ્રવિણ : અશોક કેમ રોવું આવે છે.
અશોક : આ પુસ્તકનો અંત ખૂબજ કરૂણ છે.
પ્રવિણ : અચ્છા ! એવું કયું પુસ્તક છે ?
અશોક : બેન્કની પાસ બુક

૩) લગ્નના પહેલા વર્ષમાં પતિ બોલે છે અને પત્ની સાંભળે છે. બીજા વર્ષમાં પત્ની બોલે છે અને પતિ સાંભળે છે. ત્રીજા વર્ષે, બન્ને બોલે છે અને પાડોશીઓ સાંભળે છે.

૪) અમન બીડી પીતો હતો.
રમણ : અમન, તારી બીડીમાંથી ધુમાડો કેમ નથી નીકળતો ?
અમન : તે ન નિકળે ! આ તો સી.એન.જી. બીડી છે.

૫) દર્દી : ડોક્ટર સાહેબ, આ મારો પહેલો ઓપરેશન છે. પ્લીઝ, જરા ધ્યાનથી કરશો.
ડૉક્ટર : ભાઈ, જરાય ગભરાવ નહી, મારો પણ આ પહેલોજ ઓપરેશન છે.

૬) પપ્પા દીકરીને : બેટા, આશ્ચર્ય છે, આજે મમ્મી ચુપ કેમ બેસી રહી છે.
દીકરી : ખાસ કંઈ નહીં મમ્મીએ લીપસ્ટીક માંગેલ પણ ભુલથી મેં ફેવીસ્ટીક આપી દીધી.

**સંકલન : રમેશ એમ શાહ**

# ।। Jai Mahaveer ।।

*Many have been benifited many are giving a second thought to get the job done sooner or later. The wiser is the one who gets the job done, right in time.*

Please call **VARDHAMAN D. SHAH**

***for your water proofing solutions***

Mobile : 98853 41835 or

E-mail : naman.construction.solutions@gmail.com

***The perfect job is done without breakage or removal of the existing structure to your utmost satisfaction.***

***To rectify Leakage, Seepage of water from Terrace, side walls, bathrooms, toilets etc.,***

# NAMAN
# Construction Solutions

B/1, Suryanarayana Apts., Opp. Gujrati Pragati Samaj Hall,
Lingampally, Kachiguda, Hyderabad - 500 029 (A.P.) Ph : 98853 41835
E-mail : naman.construction.solutions@gmail.com

(જા.ખ.)

## આદતથી લાચાર

સીધા સાદા સરળ સજ્જનોનું
નિર્લજ્જ દંભી દુનિયામાં માન નથી,
સફળતા જ સર્વોપરી એવા માહોલમાં,
સાધનોની શુધ્ધતાનું કોઈ સ્થાન નથી ॥

અનુભવો સમજાવે છે સનાતન સત્ય,
અતિ સારા થવામાંસાર નથી,
શાસ્ત્રોક્ત વિધાન છે સુપાત્રે દાનનું,
દુર્જનને સહાયની કોઈ વાત નથી ॥

બધું સમજી છટપટાય મનમાં પણ,
સજ્જન સ્વભાવ બદલી શકતા નથી,
સહાયમાં અતિરેક, દુર્જનને મદદ,
હકીકતમાં એ ટાળી શકતા નથી ॥

સજ્જનને કહે કોઈ કે ભલા,
આવું કરવું યોગ્ય નથી,
તો કહેશે અતિરેક કે દુર્જન જેવા,
શબ્દો એના શબ્દકોમાં નથી ॥

આદતની આજ તો છે બલિહારી,
પડી એકવાર તો એ છુટતી નથી,
અણસાર મળે આફતોની આંધીનો તોય,
સજ્જન સજ્જનતા છોડી શકતો નથી ॥

**દિલીપ કે. મહેતા**, કોચીન

## કચ્છ નહી દેખા તો કુછ નહી દેખા

કબુલ ! કચ્છ બેરણની વચ્ચે છે. પણ અમો, ઝાંઝવાના જળમાંથીયે સમજણની સિંચાઈ યોજના તૈયાર કરી છે... !
આંખમાં ભલે આંસુ છે, હોઠ પર તો સ્મિત છે...
કચ્છીઓનું જીવતર બારમાસી ચોમાસું છે!
માન્યું કે કચ્છ પાસે કોઈ મહાનગર નથી,
પણ કહો તો કોઈ મહાનગર પાસે, કચ્છ છે ખરૂં ?
ત્યાં, ભાગોળે ઝુંપડ પટ્ટી હશે.
પણ પાદર છે ખરૂં ?
ત્યાં વેબસાઈટ છે, અંહી વથાણ
ત્યાં વગોવણી છે, અંહી વખાણ
શહેરીઓ મિસકોલ ટાળે છે, અંહી તો લહેરથી આપ્યો કોલ પાળે છે !
ત્યાં રીમોટથી હાઈફાઈ કારનું
બારણું દૂરથી ખોલી શકાતું હશે,
અંહી તો ખેડૂત દૂરથી ડશકારો કરે,
અને ત્યાં બળદ ઊભા થઈ જાય છે
એવા કચ્છી સામે વ્યથાની શી વિસાત ?
જેણે ઉત્સવને કીધો છે આત્મસાત !
વ્યાકરણ પણ કબુલે છે, બે નકાર એક હકાર રચે છે.
Two Negatives make one positive એ ન્યાયે,
કચ્છમાં બેરણ છે... વધું શું કહેવું ?

સંકલન - **લાહિરી શાહ**

## સમાજ ગૌરવ



**શ્રી કચ્છી મિત્ર મંડળના પ્રમુખ અને શ્રી અચલગચ્છ જૈન સંઘ હૈદરાબાદ (સિટી)ના ચેયરમેન શ્રી ધનજી લખમશી સાવલા** ભોજાયની રતનવીર આઇ ઈન્સ્ટીટ્યુટમાં એમના તથા એમના પરિવાર દ્વારા રૂ. ૫૧ લાખ જેવી માતબર રકમનું દાન આપી આપણા સમાજનું ગૌરવ વધાર્યુ છે. મંડળ વતી હાર્દિક શુભેચ્છા...

**શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા** ભગવાન મહાવીર વિકલાંગ સહાયતા સમિતિ હૈદરાબાદ ના પ્રમુખપદે બીનહરીફ ચુંટાઈ આવવા બદલ શ્રી કચ્છી મિત્ર મંડલ વતી હાર્દિક શુભેચ્છા.



## શ્રી ઘનશ્યામ જે. ભટ્ટ (ગુજરાતી મહારાજ)

શ્રી સત્યનારાયણ કથા, રાંદલ માતા, લૌટા લગ્ન, ગ્રહ પ્રવેશ, નક્ષત્ર શાંતિ,
પિતૃદોષ, મેળાપક, જન્માક્ષર, કુંડલી તથા દરેક પ્રકારની
ધાર્મિક પૂજા વિધી માટે સંપર્ક:

**C/o. G.K.P. Shreevastav, # 4-5-662, First Floor,**
**Opp. St. Pauls School, Kutbiguda, Hyderabad - 27 Mobile : 99895 11627**

(જા.ખ.)



FOR ALL YOUR COMPUTER WORK

- SOFTWARE INSTALLATION
- TROUBLE SHOOTING
- VIRUS CLEANING ETC.
- NEW COMPUTER SALES & PURCHASE

**Contact : DEVESH - 94407 23277**

(જા.ખ.)



*દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :*

**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)

ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.
નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯

(જા.ખ.)

**DEEPAK MAVJI DHAROD** **Cell : 98490 53458**

## BHAVANA TOURS & TRAVELS

**RENT A CAR INDICA, TATA SUMO, QUALIS, TEMPO TRAVEL & SEMI DELUX BUSES**
**DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK**
Off & Res : 1-8-80/1/A, Venkat Swamy Lane, Street No.11, Chikkadpally Hyd-20

*શ્રી કનકેશ્વરી કૃપા*

**લક્ષ્મી પુજન, ચોપડા પુજન, શારદાપુજન, સત્યનારાયણા કથા, હવન, પીતૃકાર્ય, શાંતિ હવન, જન્માક્ષર પરથી, માર્ગદર્શન આપનાર સર્વ પૂજા કાર્ય કરનાર**

સંપર્ક : પુજારી નરેશકુમાર ભટ્ટ (ખંભાતવાળા)
સેલ : ૯૨૯૧૪ ૫૩૧૨૪, ૮૮૯૭૬ ૬૪૦૨૫

(જા.ખ.)

## રામ સેતુ પુલ - એક કટાક્ષ કથા

રમેશ એમ. શાહ

પુષ્પક વિમાનમાં વિહાર કરતા ભગવાન રામ, રામ સેતુ પુલનું નિરક્ષણ કરતા હનુમાનજીને કહ્યું, કેટલી મહેનતથી અને જતનથી તમે અને તમારી વાનરસેનાએ સદીઓ પહેલા આ પુલ બનાવેલ. સુનામીઓ આવી ગઈ તોફાનો આવી ગયા છતાં તે હજુ અડીખમ ઉભો છે. જ્યારે, હૈદ્રાબાદમાં હાલમાંજ લેટેસ્ટ ટેકનોલેજીથી બનતો પુલ કડડભુસ કરતા તુટી પડ્યો.

હનુમાનજીએ બહુજ નમ્રતાથી કહ્યું, ભગવાન અમે તો ફક્ત પત્થરો ઉપર તમારું નામ લખી દરિયામાં ફેકેલ જે બરાબર ચોંટી રહેલ છે, આજે મળતી સીમેન્ટ કે ટાટાના સળિયા પણ નથી વાપર્યા. અચ્છા હનુમાન, ધરતી ઉપર માનવો આ પુલ તોડી, વચ્ચેથી નહેર બનાવવા માંગે છે. અબજો રૂપિયાના કોન્ટ્રેક્ટો હશે. પુલ તોડવા માટે મીનીસ્ટરના લાગતા વળગતા લોકો અધધ પૈસા કમાશે તેમજ નહેર બનાવવા માટે પણ કમાશે.

હનુમાનજી બોલ્યા ભગવાન આપણે નીચે જઈને આપણી દરખાસ્ત મુકીએ તો કેમ ? રામ ભગવાને કહ્યું, વત્સ, આપણે જ્યારે પૃથ્વી ઉપર હતા તે યુગ અલગ, હતો, હવે તે સમય નથી રહ્યો. આપણે દરખાસ્ત મુકશું તો આફસરો આપણી પાસે ઉમર માટે પ્રુફ માંગશે. આપણી પાસે બર્થ સર્ટીફીકેટ નથી કે સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ પણ નથી. તે સમયમાં આપણે પગપાળા, હાથી ઉપર કે બળદગાડીમાં મુસાફરી કરતા, એટલે પ્રુફ માટે આપણી પાસે ડ્રાઈવીંગ લાયસેંસ પણ નથી. આપણી પાસે જો એડ્રેસ પ્રુફ માંગે તો પણ પ્રોબ્લમ છે કેમકે મારો જન્મ અયોધ્યામાં થયો કે નહીં તેનો મોટો વિવાદ ચાલી રહ્યો છે. બીજું હું જો મારા ટ્રેડિસનલ વેશભુષામાં ધનુષ્ય બાણ સાથે ધરતી ઉપર જઈશ તો ગામડાઓની જનતા તો મને કદાચ ઓળખી જશે પણ બીજાઓ મને કોઈ નાટક કંપનીના કલાકાર સમજશે.

હનુમાનજી : ભગવાન હું તેઓને જણાવીશ કે રામ-સેતુ પુલ મેં જ બનાવેલ છે. માય ડિયર હનુમાનજી, ધરતી ઉપર તેઓ એમ ન માની લે, પ્રુફ જોઈએ. તેઓ તમારી પાસે રામ-સેતુ પ્રોજેક્ટની વિગત માંગશે. તે વખતે મંજુર થયેલ પ્લાન, ખર્ચની વિગત કોન્ટ્રેક્ટ ની વિગત, કમ્પ્લીસન સર્ટીફિકેટ, તેમજ પુલનું ઉદ્દ્ઘાટન કોના હસ્તક થયેલ ઈત્યાદી વત્સ ધરતી ઉપર પ્રુફ વગર કોઈ ચીજને માન્યતા આપવામાં નથી આવતી, ઓફિસમાં, શરદીના કારણે રજા લેવી હોય તો એમને એમ ન મળે, ડોક્ટરની સર્ટીફીકેટ હોય તોજ શરદી થયેલ કહેવાય. પેન્શનર પોતે રૂબરૂમાં જઈ ઓફિસર સામે હાજર થાય અને કહે કે હું જીવીત છું તો તે માન્ય ન થાય, પ્રુફ માટે ડોક્ટર પાસે ફી આપી સર્ટીફીકેટ લેવું પડે કે ફલાણા ફલાણા ભાઈ જીવીત છે અને ત્યારેજ તે ભાઈ જીવતા ગણાય અને તેમને પેન્સન મળે, સમજ્યો !

હનુમાનજી મનમાં બોલ્યા, હે રામ, ધરતી ઉપર જીવન આટલું બધું જટિલ હોય તો, મારે નીચે નથી જવું મારા ભક્તોને હું અહીંથી આશીર્વાદ આપું છું કે તેઓને આ બધું સહેવાની શક્તિ આપે.

અસ્તુ !

# MATCHLESS LABORATORIES, Mumbai

OFFERS VARIOUS CLEANING PRODUCTS

1) **Exact Colour Stain Remover** (કપડાં પર દાગ કાઢવા માટે)
2) **Exact Colour Colour Fixer** (કાચા કલરને પાકા કરવા માટે)
3) **3S Cockroach Repellent Gel** (પેસ્ટ કંટ્રોલ કરાવવાની જરૂર નહીં રહે)
4) **Mount Blanc Silver Dip** (ચાંદીની વસ્તુ પૉલીશ કરવા માટે)
5) **Crystal Diamond & Gold Jewellery Cleaner** (સોના-હીરાના દાગીના ધોવા માટે I.I.T. પ્રમાણિત)
6) **Belford Car Shampoo** (કાર ધોવા માટે - વેકસની જરૂર નહીં)
7) **AMY Fabric Softner** (કપડાંને સુગંધિત અને મુલાયમ કરવા માટે)

હવે હૈદ્રાબાદમાં ઉપલબ્ધ છે.

સંપર્ક કરો : બેલા નિમેશ ભેદા, હિમાયતનગર. ફોન : ૨૭૬૩ ૮૫૧૫, ૯૪૯૦૪ ૬૯૮૪૦

Wanted Distributor for these products interested parties contact :
NAVIN CHHEDA - 93910 34949, JITENDRA MARU - 093227 14375

(જા.ખ.)


## અસ્તિત્વ એક પહેચાન દ્વારા આપવામાં આવશે શૈક્ષણીક સહાય.

astitva Ek Pehchan...

*બાળકોના માતા પિતા જેઓ પોતાના બાળકોને ઉચ્ચ અભ્યાસ અર્થે અનિવાર્ય સંજોગોમાં અસમર્થ હોય તેઓ બાળકનો ફોટો, ગતવર્ષની માર્કશીટ, બાયોડેટા અને વાર્ષિક ફીસની રસીદ સાથે મળો અથવા લખો.*

*આગામી વર્ષના મેમ્બરશીપ માટે ફોર્મ મેળવવા અસ્તિત્વના કમિટી મેમ્બરને સંપર્ક કરશો. (ફક્ત કચ્છી ઓસવાલ બહેનો માટે)*

| પ્રમુખ | મંત્રીણી | ખજાનચી |
|---|---|---|
| **શ્રીમતી હેમાબેન કારાતી** | **શ્રીમતી કુસુમ રાંભિયા** | **શ્રીમતી જ્યોતીબેન મોતા** |
| ૯૨૪૬૨ ૪૬૬૩૪ | ૯૩૪૬૭ ૧૪૬૭૨ | ૯૩૯૬૫ ૩૬૦૦૦ |

(જા.ખ.)

## સુવિચાર

સંકલન - **પંકજ વલ્લભજી સાવલા**

૧) સમજતો હતો કે દુઃખ મને જ છે, પરંતુ દુઃખ તો આખી દુનિયાને છે. જ્યારે ઊચે ચઢીને મેં જોયું ત્યારે મને લાગ્યું કે આગ તો દરેક ઘરમાં સળગી રહી છે.

૨) સારા માણસો મજાકમાં જે બોલે છે, તે પથ્થરમાં લખેલા અક્ષર સમાન છે, પણ ખરાબ માણસ સોગંધ ખાઈને જે બોલે છે તે પાણીમાં લખેલા અક્ષર સમાન છે.

૩) તમારા જીવનમાં વરસો ઉમેરવાની વાત મોટી નથી પણ તમારાં વરસોમાં જીવન ઉમેરવાની વાત મોટી છે.

૪) જેવું ચિંતવશો એવુ જ થશો. હાલનું જીવન પૂર્વના ચિંતનનું ફળ છે. તમારા વિચારો એ જ તમારુ પ્રારબ્ધ છે. - સ્વામી રામતીર્થ

૫) ચોર્યાસી લાખ જન્મો પછીયે, મારો સંબંધ તુટયો નથી માટી સાથે. હું બેઠો થાઉં છું, ને પાછો દટાઉં છું એમાં વારંવાર

૬) નીતિમાન થજો, શુરવીર બનજો, ઉદાર હૃદય ના થજો, જાન ને જોખમે પણ નીતિમાન ચારિત્ર્યવાન બનજો. - સ્વામિ વિવેકાનન્દ

૭) જીવનમાં નાની નાની વાતોમાંથી ઘણું શીખી શકાય છે અને તેનાથી પ્રસન્નતા પણ ઘણી મળે છે. - રસેલ કૉનવેલ

૮) ક્ષમા અસમર્થ મનુષ્યોનો ગુણ છે, તો સમર્થ મનુષ્યોનું ઘરેણું છે - વિદુરનીતિ

૯) સમાનતામાં માનતો, શાંત આત્મા, ક્રોધ રહિત સ્વભાવ અને સર્વનું હિત ઈચ્છનાર મહાન બની જાય છે. - શ્રીમદ્દ ભાગવત

૧૦) કોઈ પણ જાતના બદલાની આશા વિના કોઈને મદદ કરવી એનું નામ દાન - સ્વીડન બોર્ગ

૧૧) એ આંસુ જ શુ કામ ના કે જે પોતાના ની યાદ માં ના વહે, વિરહની લાગણી જ શુ કામની કે જેમાં મિલન ની આસ ના રહે, સ્વપ્ન સાકાર કરવાના મોહ ની કિમત જો જો હૃદય ના ચુકવે, નહિતર જીવનને પણ ખુદ ને ત્યજતા વાર નહિ લાગે...!! પ્રાથમ્ય

૧૨) નફરતને નફરતથી નથી મીટાવી શકાતી. એને ફક્ત પ્રેમથી ખતમ કરી શકાય છે. આજ શાશ્વત નિયમ છે. - ગૌતમ બુદ્ધ

૧૩) દુનિયા મને શું આપશે એમ વિચારનારા મેનેજર બને છે, દુનિયા ને હું શું આપું એમ વિચારનારા લીડર બને છે...!!!

૧૪) કામ કરીને કમાવું તેમાં કોઈ શરમ નથી, આળસુની જેમ બીજાનુ મોઢું જોઈને બેકાર બેસી રેહવું એ જ સૌથી શરમજનક છે. - પ્રેમચંદ

૧૫) જગતમાં ખરેખર ત્રણ વસ્તુઓ મહાન છે, પર્વત, મહાસાગર અને સાચા દિલથી કામ કરતો માનવી. ત્રણેયની અંદર રહેલી શક્યતાનો તાગ આપણે પામી શકીએ તેમ નથી. - એમરસન

૧૬) એક વિચાર જેમ જન્મ અને મૃત્યુ એક બીજાથી વિરૂદ્ધ છે. તેમજ હાસ્ય અને રૂદન પણ એક બીજાથી વિરૂદ્ધ છે. વળી પહેલાં અને પછી એ પણ એક બીજાથી વિરૂદ્ધ છે. જો આમ જ હોય તો માનવી જન્મ્યા પછી તરત જ રડે છે. તો મરતાં પહેલાં હસતો કેમ નથી ?

સ્થાપના : ગાંધી જયંતિ ૧૯૭૪　　લોકાઃ સમસ્તાઃ સુખીનો ભવન્તુ !!　　ફોન : ૨૪૭૫૫૩૩૧

૬૬૭૩૫૩૩૧



# ગાંધી જ્ઞાન મંદિર યોગ કેન્દ્ર

(સર્વોદય વિચાર પ્રચાર ટ્રસ્ટ સંચાલિત)

**યોગ સ્ટ્રીટ, કોઠી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦૦૯૫**

Visit us : www.yogasimplified.com  Ph : Dr. Praveen Kapadia - 6673 5331, 6461 5331.
Ravindra - 6673 2484, 2476 5331, Anshul - 92465 75331, Vaishali - 94412 55331.

- ✪ યોગાસન, પ્રાણાયામ તથા ધ્યાન સાધનાનું **વિશ્વ વિખ્યાત યોગ કેન્દ્ર** ................
- ✪ અત્યાર સુધી **૩,૫૦,૦૦૦ થી વધુ** વ્યક્તિઓએ લાભ લીધેલ છે.....
- ✪ છેલ્લા ૩૭ વર્ષથી એક પણ દિવસની રજા વગર નિયમિત યોગ શિક્ષણ આપવાનું **વિશ્વ વિક્રમ** ધરાવતું કેન્દ્ર
- ✪ પ્રતિદિન મુખ્ય કેન્દ્રમાં **૫૦૦ થી વધુ** સાધકો યોગ સાધના માટે આવે છે.....
- ✪ અન્ય શાખા કેન્દ્રોમાં રોજ **૧૦,૦૦૦ થી વધુ** લોકો નિયમિત યોગાભ્યાસ કરીને જીવન સુખમય બનાવે છે.
- ✪ ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, અસ્થમા, સ્પોન્ડીલાઈટીસ, ગરદન, કમર તથા સાંધાનાં દુઃખાવા, મેદવૃધ્ધિ, ગેસ્ટ્રીક ટ્રબલ, કબ્જીયાત, ટેન્શન, નિરાશા જેવી શરીર-મનની અનેકવિધ બીમારીઓ-તકલીફોની **સુપર સ્પેશિયાલિસ્ટ ગેરન્ટેડ ટ્રીટમેન્ટ** કેન્દ્રની મુખ્ય વિશેષતા છે. એટલેજ શહેરના દરેક મોટા ડોક્ટરો, હોસ્પીટલો પોતાના પેશેંટોને અહીં રોજ મોકલે છે....
- ✪ સવારના ૪.૦૦ વાગ્યાથી રાત્રે ૮.૦૦ વાગ્યા સુધી **સૌને અનુકુળ** એવા સમયે એક પછી એક **૧૨ સેશન્સ** ચાલે છે..
- ✪ **બ્હેનો માટે** અલગ ક્લાસ પણ હોય છે.....
- ✪ કચ્છી ભાઈ-બહેનો માટે **૭ દિવસ નિઃશુલ્ક યોગ શિક્ષણ** આપવામાં આવશે...
- ✪ મુખ્ય કેન્દ્રમાં આવી ન શકે એવા માટે **ઘરે પણ** યોગ શિક્ષણની વ્યવસ્થા છે.....
- ✪ **પ્રાકૃતિક ચિકિત્સા**-એનિમા, મસાજ, સ્ટીમબાથ વગેરેની કુશળ માર્ગદર્શન હેઠળ વ્યવસ્થા છે.....
- ✪ અંકુરિત અન્નનો **પ્રાકૃતિક નાસ્તો** (રૂા. ૭) રોજ સવારના ૭.૦૦ થી ૮.૦૦ સુધી મળે છે.

## Golden Opportunity for School Students....

**Enjoy your Vacations & learn Many new Things**

# Join Grishma Shibiram

*(7 - Week Summer Camp for School Students)*

**at Gandhi Gyan Mandir, Yoga Street, Koti**

**Boys & Girls (4 - 14 Yrs) 10.00 am to 5.00 pm**

- ✓ Veg. Lunch
- ✓ Well Qualified Teachers
- ✓ 26 Items to Learn

(જા.ખ. F-1160)

**CAMP STARTS ON 15-4-2012**